સાલ : ૨૩ / સિલસિલાવાર નંબર : ૧૮૭ / શુમારો : ૧

بسم الله الرحمن الرحيم

فુલ પાના - ૧૬

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

મોહર્રમુલ હરામ - સફરૂલ મુઝફ્ફર ૧૪૪૭ / જૂન-જૂલાઇ ૨૦૨૫

## હુબ્બ – મહબ્બત

આયતે કુરઆનીયહમાં ભલાઈ અને મહબ્બતની બયાની છે કે, જે સૂરતુલ બકરહમાં વારિદ છે. તેની માઅના અને મફહૂમ એ છે કે, “કઈ નેકી-ભલાઈ તે નથી કે, તમેં તમારા મૂઁહને મશ્રિક કે મગરિબ તરફ વાલો યા ફિરાવો. માઅરેફત બગૈર તમેં કઈ પણ અમલ કરો. પાકા ઈરાદા બગૈર તમેં આમ-તેમ ફા-ફા મારો. બગૈર કોઈ નતીજા તમેં કોશિશ કરા જ કરો. કોઈ પણ બહેતર દેખાતી ચીઝને તમેં હુકમે ઈલાહી મુજબ છે, એમ માની બેસો. મગર નેકી તો તે જ શખ્સની નૈકી છે, જે અલ્લાહતઆલાનું અને આખિરી દિનનું, અને ફરિશ્તાઓ-મલાઈકતનું, અને કિતાબ-ઈલાહી સહીફાઓનું, અને નબીઓ-રસૂલોનું ઈમાન લાવે. એમ યકીન રાખે કે, આ તમામ ચીઝો ગૈબની છે અને તે આ દુનિયાના લેહાઝથી કમ મગર આખેરતના લેહાઝથી ઝિયાદહ કરીબ છે, મઝબૂત છે અને અહમ છે. આ ઈમાનદાર શખ્સ પાસે જે વક્ત માલ આવે તો અલ્લાહતઆલાની મહબ્બત, ઈનાયત અને હિદાયતના સબબ એનું દિલ તે માલને બીજા હક્કદારોને આપવા તરફ માઈલ થઈ જાય છે.

**ફેયૂઝાતે બુકા અને સાલે નૌ ની આમદ – હિ.૧૪૪૭**

**કારેઇન મુઅઝ્ઝેઝીનને હિ.૧૪૪૭ નું નવું સાલ મુબારક થાય. આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની દોઆએ બાઅસરના સબબ અલ્લાહતઆલા મોહર્રમુલ હરામ મહીનાના પહેલા દસકા-અશરહ મુબારકહ માં હુસૈનીઓ-માતમદારો પર આહોઝારી અને અશ્કબારીની જન્નતી બારિશ વરસાવે છે. મૌ.ઇમામ હુસૈન (અ.સ.) ની આ બરકતના સબબ હમારી શફાઅત છે અને ઊંચા દરજાત છે, જેની શરફયાબી અને ફઝલનવાઝી જમાઅતે અલવીયહના તમામ મુમેનીનને મુબારક થાય.**

આ હક્કદારો કૌન છે કે, જે એના ઘણા જ કરીબ હોય છે. તેમાં કરાબતવાલાને-સગાવ્હાલાને, યતીમોને, મિસ્કીનોને, રાહગીર-મુસાફિરોને, સવાલ કરનાર-હાજિત પૈશ કરનાર સાઈલોને, કોઈ પણ તરહની હલાકીમાં ગિરફતાર લોગો જે પોતાની ગરદનોને આઝાદ કરવા ચાહતા હોય તેઓને, પોતાનો માલ આપી મદદ કરવા ચાહતો હોય છે. આ લોગોની તમામ હકીકતોથી વાકિફ એક જ સાહેબ હોય છે, **જે ઇમાનદારોના રઇસ અને સરદાર હોય છે.** હમારા દરમિયાન આ સાહેબ બીજા કોઈ નથી મગર ઈમામુઝઝમાન (અ.સ.) ની મસ્નદે તૈયેબીના સાહેબે હક્ક દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) છે જે બાખૂબી જાણે છે કે, ક્યા શખ્સને યતીમ, મિસ્કીન, સાઈલ યા કૈદી કહેવાય.

જે ઈમાનદાર શખ્સ અલ્લાહ અને અલ્લાહના વલી પર યકીન રાખતો હશે એ પોતાના જાનો માલને ખૂબ સાચવશે, કેમકે એ જાણે છે કે, જાનો માલના માલિક અલ્લાહના વલી દાઈયુલ્લાહ છે. દાઈયુલ્લાહના નઝદીક કોઈ પણ ચીઝ ઝાયેઅ થાતી નથી. હરએક અમર વાસ્તે અજર યા ખૈર અંજામ હોય જ છે. માલ-પૈસા તરફ મહબ્બત હર શખ્સને હોય છે. તેનાથી દુનિયાનો કારોબાર ચાલે છે. લેવડ-દેવડ યા નફા-નુકસાનનો ચક્કર ચાલે છે. ઈમાનદાર (બકીયહ પેજ નં. ૨ ૫૨)

**જે શખ્સ થોડા પર શુક્ર નહીં કરે, એ ઝિયાદહ પર પણ નહીં કરે.**

(પેજ નં. ૧ નું બાકી)

શખ્સ-મુમિન એના માલને યા તેનાથી હાસિલ થાતા ફાયદાને ફક્ત દુનિયા તક મહેદૂદ નથી સમઝતો. એ જાણે છે કે, માલને સહી તૌરથી, સહી જગા પર, સહી નિય્યતથી, સહી વક્ત પર, સહી મિકદારમાં, સહી શખ્સ વાસ્તે જો એ ઈસ્તેમાલ કરશે, તો ઝરૂર એને એનો માલ દુનિયાની ઝિંદગી બાદ આખેરતમાં અજરો સવાબના તૌર પર એને કામ લાગશે.

પોતાના માલને કુરબાન કરવાની સાથે મુમિન પૂરા અકીદાથી નમાઝને અદા કરે છે, પાકીઝા રોઝી વાસ્તે ઝકાતને બરાબર અદા કરે છે. આ સાથે અહમમાં અહમ ચીઝ એ છે કે, દાઈયુલ્લાહની દોઆઓની બરકત સાથે નમાઝ-માલની અદાયેગી તો એ કરે જ છે, મગર જે અહદ-વાઅદો-વચન આપવામાં આવું હોય કે, તેને વફા કરવા વાસ્તેનો કૌલ એવો મઝબૂત અને માઅકૂલ હોય છે કે, કોઈ પણ સૂરતે હાલમાં તેને નિભાવવા વાસ્તેની તૈયારી હોય તો જ એના વાસ્તે ઈમાનનો દાયરો મુકમ્મલ થાય છે. **ઇકરાર(ઝબાન), યકીન (દિલ) અને અમલ (હાથ), આ ત્રણે ચીઝો એક સાથે હોવી જોઇએ.** આ તરહથી ખુદને તૈયાર કરવું ખૂબ જ ભારી અમલ છે, પણ મુમિન વાસ્તે તે બિલકુલ આસાન કામ છે.

આ મઝમૂનના ઈબ્તેદામાં કુરઆને કરીમની જે આયતે શરીફહની ઝિક્ર થઈ તેમાં મઝીદ એમ બયાની છે કે, સબર કરવું મુમિનના અખ્લાક અને સીરતે હમીદહનો એક હિસ્સો છે. આમ હાલાતમાં સબર કરનાર વાસ્તે કોઈ ખુસૂસીયત નથી. મગર જો કોઈ શખ્સ તંગદસ્તીમાં, બદહાલીમાં, તકલીફમાં સબર કરે, તો એનો આ અમલ ખાસ કહેવાય છે. આ સબર એને ઔર તાકત બખ્શે છે. **કોઇ પણ હાલાત સામે એ ખંદા-પૈશાની સાથે ખુશદિલીથી, ઉમ્મીદે નેક સાથે અને અંજામે ખૈર સાથે ઊભો રહે છે.** અમ્નો અમાન હોય કે ફસાદ-નાઈત્તેફાકીનો માહૌલ હોય, હર ચીઝમાં એ તવક્કુલે ખુદાનો લિબાસે ઝરીન પહેરીને આગલ વધી જાય છે.

મુમેનીનની સિફત કઇ એક-બે નથી, પણ બેશુમાર છે. કુરઆને કરીમ તમામ સિફતોનો આઇનો છે. અલ્લાહતઆલા તેઓને ખૂબ મહબ્બત કરે છે કે, જેઓ ઈમાનની સિફતો પર પાર ઉતરા હોય. પૂરા કુરઆનમાં મુખ્તલિફ જગાઓ પર આ સિફતોની ઝિક્ર થયેલી છે. અલ્લાહતઆલાની નઝરમાં તેઓના દરજાત ખૂબ જ બરતર છે કે, જેઓએ આ સિફતોને સાચી સાબિત કરી બતાવી છે. આ તે લોગો છે કે જે "**સાદેકૂન**" છે, "**મુત્તકૂન**" છે.

આ ઝિક્ર બાદ હમેં યહાઁ મુમેનીનની બે સિફત લઇશું કે, જેઓને અલ્લાહતઆલા ખૂબ ચાહે છે, મહબ્બત કરે છે. આ સિફત "સાદેકૂન" અને "મુત્તકૂન" ની છે. સચ્ચાઈ અને પરહેઝગારીના રસ્તા પર ચાલનાર મુમેનીન. હિ.૬૧ માં, ૧૦ મી મોહર્રમના દિન, વક્તે અસ્ર, કરબલાએ મોઅલ્લાના મૈદાન પર હક્કના ઈમામ, મૌ.ઈમામ હુસૈન સૈયેદુશ્શોહદા (અ.સ.) જે સાદેકૂન અને મુત્તકૂનના સરદાર હતા, આપના સાથે તમામ લોગોએ કે જેને આપે રઝા ઈનાયત કીધી, તેઓ **સચ્ચાઇ અને પરહૈઝગારીની બેનમૂન અને બેનઝીર મિસાલ કાઇમ કરીને** હક્કની રાહમાં કુરબાન થઈ ગયા. અલ્લાહતઆલા અને તેના ઈમામની મહબ્બત-રઝામંદીમાં પોતાની જાનોને કુરબાન કરી દીધી.

કરબલાએ મોઅલ્લાના તમામ શોહદાએ કિરામ નૈકી-ભલાઈમાં એક્કા હતા. તેઓની નઝર રાહે હક્ક પર જ હતી. તેઓનું અલ્લાહતઆલા પર ઈમાન-યકીન બેઈન્તેહા હતું. મૌતને ગલે લગાવીને કુરબાન થઈને તેઓએ ફરિશ્તાઓની નૂરાની સૂરત ઈખ્તિયાર કીધી. યૌમે કેયામત જહાનના બીજા લોગો પર તેઓ આકા હુસૈનના યાવરો નાસિર બનીને બરતરો બાલા બની ગયા. વારિસે અંબિયા અને નાતિકે કિતાબુલ્લાહ આકા હુસૈનના હક્કના પરચમના સાયામાં જામે શહાદત પીને બાશિંદગાને જન્નત બની ગયા. પોતાના ઘરવાલા અને માલો મતાઅને છોડીને

(બકીયહ પેજ નં. ૭પર)

**અલ્લાહતઆલાના બંદાઓમાંથી ઘણા જ ઓછા શુક્ર કરનાર છે.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ મુબારક સુન્નતો
### કિસ્ત - ૨૩

નબી સાહેબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઐન સુન્નતોમાંથી એક પાડોશીઓ વાસ્તે પણ છે. તે છે એમનો ખયાલ, ઈઝઝત, તઅલ્લુકાત, રહેમદિલી અને મોહબ્બત. આનાથી ઘરની બંદિશો અને હિદાયતના તકાઝા બરકરાર રહે છે. આ રિશ્તાઓ એતેમાદ અને ભરોસા પર ચાલે છે. જોવા જઈએ તો પાડોશીઓ નો રિશ્તો બીજા ખાનદાની રિશ્તેદારો કરતા ઝિયાદહ પાકો અને અહમ સાબિત થાય છે.

આ બાબમાં આગલા શુમારાઓમાં ઘણી નસીહતો આવી ગઈ છે. મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) આપના ફરઝંદોને બેસાડીને ફરમાવે છે કે,

અય મારા ફરઝંદો ! તંદુરસ્તી ઈન્સાન વાસ્તે એક એવો લિબાસ છે જે તમામ નેઅમતો કરતા ઝિયાદહ ખૂબસૂરત છે. **મનદુરસ્તી અને તંદુરસ્તી એકબીજા સાથે મુન્સલિક છે.** બેવેની દુરૂસ્તગીના સબબ ઈન્સાન ખુશ રહી શકે છે અને હર કસૌટીનો મુકાબેલો કરી શકે છે. હર ચીઝ તેના વક્ત પર કરવી, તેના હક્ક મુજબ કરવી, ખુશી-ખુશી કરવી, જે જમીએ તે મુજબ મહેનત-મશક્કત કરવી અને રિઝકને હાસિલ કરવામાં સબર અને તવક્કુલ રાખવો, આ તમામ ચીઝો તંદુરસ્તીની ચાવી છે. આ ચીઝોના મીઝાન-બેલેન્સમાં ગડબડી વાકેઅ થાય તો તન-મન બેવે મરીઝ થઈ જાય અને જો નાદુરૂસ્તગી આવી જાય, તો જે કામ ઝરૂરી હોય, લાઈક હોય તે છુટી જાય, **તો નારાઝગી અને મજબૂરીનો સામનો કરવો પડે.**

લેહાઝા, તંદુરસ્તીની ચાવી અલ્લાહતઆલાએ તેના એહકામાત અને તેના રસૂલે મકબૂલ નબી સાહેબના કલેમાતમાં મુકેલી છે. સો વાતની એક વાત એ છે કે, જો કોઈ મુમિન દીનો દુનિયાને તેની હેસીયત અને ઝરૂરીયત મુજબ કામમાં લેશે અને પોતાની ઝિંદગીના દીન-રાતમાં કોઈ બદખસ્લતને દાખિલ નહીં થાવા દે, તો ઝરૂર ! એ મુમિનને શિફાનો બહેતરીન લિબાસ પહેરી લીધો એમ મનાશે.

અય મારા ફરઝંદો ! હિર્સ-લાલચ એક બુરી ખસ્લત છે, જેનાથી હિર્સ કરનાર શખ્સ તેનો પીછો કરતા કરતા થાકી જાય છે. જેના વાસ્તે કોઈ મહેનતની ઝરૂર નથી, તેના પાછલ હિર્સ કરનાર ખૂબ મહેનત કરે છે. જો આ મહેનત પોતાની કોઈ ખરાબી યા ઐબ દૂર કરવામાં લગાવે તો એને ખૂબ જ મોટો ફાયદો થાય. અલ્લાહતઆલા સૂરતુલ બકરહમાં લાલચખોર લોગો વાસ્તે ફરમાવે છે કે, તમામ લોગો કરતા આપ તેઓને દુનિયામાં ઝિંદા રહેવા પર ઝિયાદહ લાલચ કરનાર જોશો અને મુશ્રિકોને પણ કે તેઓમાંથી હરએક એમ ચાહે છે કે, તેઓ દુનિયામાં હઝાર સાલની ઉંમર હાસિલ કરે. આના પાછલનો સબબ એ છે કે, **આટલી મોટી ઉંમર મિલી જાય તો અઝાબે ઇલાહીથી બચી શકાય.** મગર આ તો એક ભ્રમ છે, બદગુમાની છે, કજફહેમી છે. જેટલી પણ મોટી ઉંમર હોય કોઈ પણ અલ્લાહતઆલાના ગઝબથી બચી શકતો નથી. અલ્લાહતઆલા તેઓના અમલને જોઈ છે.

આ આયત વાસ્તે ઝિક્ર એવી છે કે, યહુદીઓ યા નસરાનીઓ કે એમના જેવા બીજા દુનિયાદારો, દુનિયામાં ઝિયાદહ સાલો તક ઝિંદા રહેવા વાસ્તે ઘણા જ હિર્સખોર, લાલચું, શૌકીન અને મજનૂન હતા. **હઝાર-હઝાર સાલ તક દુનિયામાં રહેવાની તમન્ના કરતા હતા.** જેથી તેનો મન ભરીને મઝા, લુત્ફ અને આરામ ઉઠાવી શકે. આ તેના વાસ્તે હતું કે, જો દુનિયામાં જ રહે તો અઝાબે આખેરતથી બચી શકાય. મગર આ ગુમાન હકીકતથી દૂર છે. ના મૌતને રોકી શકાશે, ના આખેરતના અઝાબથી આઝાદગી મિલી શકશે.

(બકીયહ પેજ નં. ૪૫૨)

**જે શખ્સ રોઝની મુખ્તસર નમાઝ નહીં પઢે, એ ઝિયાદહ નાફેલતની નમાઝ પણ નહીં પઢે.**

(પેજ નં. ૩ નું બાકી)

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ચંદ અહાદીસ કે જે હિર્સ અને હિર્સ કરનાર વાસ્તે આપે ફરમાવેલી છે, તે નીચે મુજબ છે. :

(૧) કેયામત કરીબ થઇ રહી છે, મગર લોગોનો **હિર્સ** દુનિયા વાસ્તે વધતો જ જાય છે અને દુનિયા તેઓ વાસ્તે એટલી જ દૂર થઇ રહી છે.

(૨) ઈન્સાન જેમ જેમ ઝઈફ થાતો જાય છે, તેમ તેમ એની બે ચીઝો જવાન થાતી જાય છે : (૧) માલનો **હિર્સ** અને (૨) ઉમ્રની દરાઝગીની ખ્વાહિશ.

(૩) અય ઈન્સાન ! હમણા જે તારા પાસે છે તે એટલું છે કે, તુંને કિફાયત કરે છે. જો આના કરતા તારી તલબ વધી ગઇ યા ઝિયાદહ હાસિલ કરવા પાછલ તુંએ **હિર્સ** કીધો, તો જાણી લેજે કે, તું બગાવત પર ઉતરી જઇશ, સરકશ બની જઇશ.

(૪) તમેં **હિર્સ** અને કંજૂસીથી બચતા રહો. કેમકે, આ બે ખરાબીઓના સબબ જ આગલી ઉમ્મતો હલાક થઇ છે.

(૫) તમેં **લાલચ** કરવામાં વક્તને ના બિગાડો. દુનિયાથી તમેં એટલું જ હાસિલ કરો કે જેટલું એક મુસાફિર પોતાના સફર વાસ્તે તૌશો લે છે.

(૬) કોઈને એ તરહ તમેં ખુશ ના કરો કે, અલ્લાહતઆલા તમારા તે અમલથી નારાઝ થઇ જાય. અગર અલ્લાહતઆલાએ કોઇને ફઝલ બખ્શો હોય તો તમેં એની તાઅરીફ ના કરો. તમારી તાઅરીફ કરવાથી એને કોઇ જ ફરક પડે નહીં. તમેં એ શખ્સની પણ મઝમ્મત-તૌહીન ના કરો કે, અલ્લાહતઆલાએ એને કોઇ ચીઝથી મહેરૂમ રાખા હોય. કેમકે, એમ કરવાથી તમેં અલ્લાહના ફેસલા પર ખતા નિકાલી રહ્યા છો. આ તમામ ચીઝો અલ્લાહતઆલાના રિઝકમાં આવે છે. કોઇ હિર્સ કરનારનો **હિર્સ**, રિઝક તક પહોંચી ના શકે યા કે કોઇ શખ્સ કોઇ ચીઝને નાપસંદ કરતો હોય તો એ બીજાને વાસ્તે તે ચીઝને રોકી શકે.

(૭) જે ચીઝનો તલબગાર હોય એ શખ્સને તેને કરવા વાસ્તે હમેં હુકમ નથી કરતા. આમ કરવાથી શાયદ એનામાં **હિર્સ** પૈદા થાય અને એની દિયાનતદારી-અમાનતદારીમાં નુક્સ આવી જાય. ✮

## દરસે કુરઆને કરીમ : સૂરતુલ બકરહ

**આયત : ૫૯**

**માઅના :** મગર ઝાલિમોએ તે વાત ને બદલી દીધી કે જે તેઓને કહેવામાં આવી હતી, તો હમેં એ ઝુલ્મ કરનારાઓ ઉપર અઝાબને ઉતારો આસ્માનથી, તેઓની નાફરમાની ના સબબ.

**તશરીહ :** ઝુલ્મ હમેશા ઈન્સાન તરફથી થાય છે, મગર ઈન્સાફ અલ્લાહતઆલા તરફથી હોય છે. પોતાને બીજા કરતા બહેતર બનાવવા યા બહેતર બતાવવા, ઈન્સાન બીજાના હક્ક પર તરાપ મારે છે, તેને છીનવી લે છે અને પોતાની મેલી મુરાદો અને બેકિનાર ખ્વાહિશોને અંજામ આપે છે.


હરએક નબીના ઝમાનમાં એક ઝાલિમ દુશ્મન, કોઇ વગદાર ચાલાક શખ્સની શિકલમાં યા કોઇ કાફિર બાદશાહ તરીકે નબી સામે ઉઠો. એનામાં ઈબ્લીસી ખમીરો પૈદા થયો. અલ્લાહતઆલાની ઈમાનની રાહ છોડીને પોતાને મોટો ગિનવા લાગો. પોતાની હુશિયારી, રોઅબ અને ઝબાનની ચાલાકીથી ધોંસ જમાવવા લાગો. લોગોના જાનો માલ પર કબ્ઝો કરવા લાગો. ખુદાઇનો દાઅવો કરી બેસો. એની બાદશાહત યા સરદારીની બુનિયાદ એં

(બકીયહ પેજ નં. ૧૨ પર)

**ઈમામતની નમાઝ હર મુમિન વાસ્તે ઈમાનનું મીઝાન છે.**

## લફ્ઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**



૧) અહલે બૈતે મોહંમદ (અ.સ.) કરબલાની તપ્તી ઝમીન પર યૌમે આશુરા પહેલા તીન અય્યામ તક ------ પ્યાસા રહ્યા. (૨)

૨) સચ્ચાઇને દબાવવા યા મિટાવવા વાસ્તે ઝુલ્મ કરવો, તે મોટામાં મોટી ------- છે. (૩)

૩) કરબલામાં મસાઇબે અહલે હક્કને જેમ બયાન કરવામાં ઝબાન લડખડાઇ છે, તેમ તેને ------ કરવામાં કલમ કાંપે છે. (૩)

૭) ઈમામે હક્કે ફરમાવું કે, અય મારા અસ્હાબ ! તમેં યહાઁ મારા સાથે આ જંગલ-બયાબાનમાં કોઇ ----- હાસિલ કરવા નથી આવા, પણ જન્નત હાસિલ કરવાનો સામાન તૈયાર કરવા આવા છો. (૨)


**✵ આડી તરકીબ :**

૨) વાકેયએ કરબલામાં, હંગામે શહાદતે ઈમામે હક્ક, મૌ.અલી ઝયનુલ આબેદીન (અ.સ.) સખ્ત ------ માં મુબ્તેલા હતા. (૩)

૪) જેમ આસ્માન પર ચાંદને આસપાસ નુજૂમ ચમકે છે, તેમ અય મારા ફિદાઇઓ ! હું તમારો મૌલા છું, તમેં આજે મારા આસપાસ મારા ઈમામતના આસ્માનમાં ------ જેમ ચમકો છો. (૨)

૫) શોહદાએ કરબલાની શહાદતો, જેહાદ અને સબર પર ખુદ ---- નાઝ કરે છે. (૨)

૬) આકા હુસૈન (અ.સ.) પૂરા ખલ્કના ----- છે. લેહાઝા આપ ઝૈરે તૈગ પણ આપને મદદ વાસ્તે પુકારનાર હર કોઇની મદદ કીધી છે અને એ મદદ માંગનારે આપનું અહેસાન માનું છે.(૩)



**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

**નોંધ :** લફ્ઝી કશ-મ-કશના કૉલમના સવાલાતનો હલ આ સાથે જ આખિરમાં ઊંધા જવાબો પ્રિન્ટ કરીને આપવામાં આવો છે. કારેઇનથી ઈલ્તેમાસ છે કે, પહેલા સવાલાતને હલ કરવાની કોશિશ કરે અને પછી ખુદ જ પોતાના જવાબો સહી છે કે ગલત, તેની તફતીશ કરે.✯

---

(પેજ નં. ૧૦ નું બાકી)

તેને તેના જોડીદાર જ બરાબર બતાવી શકે એમ છે. **આ બે નફીસ ચીઝો કિતાબુલ્લાહ અને રસૂલુલ્લાહ બાવાજી ની ઇતરત-આલ-ઝુર્રીયત છે.**

આ નુકતું એકદમ સાફ છે કે, કિતાબુલ્લાહ પોતે ઝબાન રાખતી નથી. તે ચુપ કિતાબ છે. તેને બોલાવનારની ઝરૂરત પડે છે. કિતાબ જે ઘરમાં ઉતરી અને જેઓના દરમિયાન ઉતરી, તેઓ જ તે કિતાબના અહલ અને પઢાવનાર કહેવાય. રસૂલુલ્લાહ બાવાજીના દિલ પર ઉતરનારી કિતાબ, આપ અને આપના અહલ જ પઢી શકે અને બીજાને પઢાવી શકે. બીજા તમામ લોગો કિતાબુલ્લાહના ગૈર છે, નાઅહલ છે. આ ઈતરતના સબબ જ આજે કિતાબુલ્લાહ મહેફૂઝ છે, તેની તાઅલીમાત સલામત છે. કિતાબની સહી માઅના બતાવનાર ઈતરતે મોહંમદીયહ જ છે. **કેયામત તક કિતાબ અને ઇતરતની જોડી ચાલા જ કરશે.** આ તરહ હક્કના લોગોમાં હિદાયત કાઈમ થાયા કરશે અને ગુમ્રાહી દૂર થાતી રહેશે. જેઓ આ હકીકતને નથી સમઝી શકતા યાઅની કિતાબે હક્ક અને ઈમામે હક્કની માઅરેફત નથી રાખતા, તેઓની દુનિયા અને આખેરત રાહે ગુમ્રાહીમાં ખોવાઇ જાશે, ગુમ થઈ જાશે. ✯

**જે શખ્સ નાના ગુનાહથી નહીં ડરે, તો મોટા ગુનાહનો તો સવાલ જ ઊભો થાતો નથી.**

## વઝકુર ફિલ કિતાબે ઈસ્માઈલ
## મૌ.ઇમામ ઇસ્માઇલ બિન મૌ.ઇમામ અસ-સાદિક (અ.સ.) ની તારીખે ઇસ્માઇલી - કિસ્ત-૯

**સાતમી દલીલ :** રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, "મારી ઉમ્મતમાં પણ એ જ ચીઝ બનશે જે આગલી ઉમ્મતોમાં બની ગઈ હશે. ઝરૂર ! ઝરૂર ! મારી ઉમ્મત આગલી ઉમ્મતોના રસ્તાઓ પર ચાલશે. બરાબર-બરાબર-યહાઁ તક કે, તેઓ જો પાટલા-ઘો ના દરમાં ઘુસા હશે તો તમેં પણ એવુમ જ કરશો." બીજી એક જગા પર આપ ફરમાવે છે કે, "બિલા શક ! તમેં તમારા આગલ ગુઝરનારાઓની રાહ પર ચાલશો. બરાબર-બરાબર-યહાઁ તક કે, તેઓ જો ભમરીના જાલામાં ગયા હશે તો તમેં પણ એમ જ કરશો."

હવે, આ હાલતમાં અલ્લાહતઆલાએ જે લોગોને બચાવા અને તેઓને પોતાની અને પોતાના રસૂલની અને એમની આલના ઈમામોની તાઅત પર સાબિત-કદમ રાખા, એ મુમેનીન (અહલે હક્ક) સિવાયની તમામ કૌમો (ઉમ્મતો) ની આગલી ઉમ્મતોની હાલત જેવી જ થઈ ગઈ જેના વાસ્તે અલ્લાહતઆલા ફરમાવે છે કે, "આ ગુમ્રાહ બાતિલ લોગોએ **આલિમો અને તપીયાઓને પોતાના ખુદાઓ બનાવી લીધા, અલ્લાહતઆલા સિવાય.**" અલ્લાહતઆલા તરફથી ફરમાનને નહીં, મગર આલિમોની હલાલો હરામ વાસ્તેની બેબુનિયાદ વાતોને સર પર ચઢાવી લીધી.

અલ્લાહતઆલાએ પોતાની કિતાબમાં એવા જવાનોની ખબર કીધી છે કે, જેઓ પોતાના પરવરદિગાર પર ઈમાન લાવા છે. ઈમામે હક્ક તરફથી હિદાયતને હાસિલ કીધી છે. હર વક્ત હિદાયતમાં ઝિયાદતી કરવામાં કોશિશ કરા કરે છે. આ તરહ એ જવાનો ઈમામથી નઝદીકી રાખે છે અને હિદાયતથી વાબિસ્તા રહે છે. જે વક્ત આ જવાનોએ જોયું કે, એમની કૌમના અકસર લોગો ગુમ્રાહ થઈ રહ્યા છે. અલ્લાહતઆલા સિવાય બીજાને પોતાના પરવરદિગાર બનાવેલા છે, **તો તેઓએ પોતાનું ઇમાન છુપાવીને રાખું.** એક કહેફ-ગુફામાં પનાહ લીધી અને ૩૦૯ સાલની લંબી મુદત તક તેઓ પોતાની કૌમથી દૂર શિદ્દતની હાલતમાં રહ્યા છે. આ હકીકતને તે ઝમાનાના અલ્લાહના નબી જાણતા હતા.

અલ્લાહતઆલા ફરમાવે છે કે, હર એક મિસાલને પાછલ એક હિકમત છે, એક સબક છે. અસ્હાબુલ કહેફની સખ્ત હાલત અને લંબી મુદતના સબબ ચહેરાઓ અને કપડા અજીબો ગરીબ થઈ ગયા હતા. જો હમેં તમને તેઓના હાલાતથી વાકિફ કરતા તો તમારૂં દિલ રોઅબ, હૈરાની અને પરૈશાનીમાં પડી જાતું. મગર કલામુલ્લાહ આ કૈફીયતે અસ્હાબુલ કહેફનો ખુલાસો ઉમ્દા તૌરથી કરે છે. લેહાઝા, ઝાહિરી તૌર પર દાસ્તાને અસ્હાબુલ કહેફ દિલમાં આસાનીથી ઉતરી જાય છે, તેના પર ઈમાન લાવવું સહેલ બની જાય છે. **મગર તેઓના ગાર-ગુફામાં જાવા પાછલ હકીકતો છે, રાઝ છે, અસ્રાર છે અને અકલવાલાઓ વાસ્તે અલ્લાહતઆલાની તૌહીદની ખુલ્લી નિશાનીઓ છે.**

અસ્હાબુલ કહેફના કદમ-બ-કદમ, મસલ-બ-મસલ હમારા આખિરી નબી મોહંમદ અલ-મુસ્તફા (સ.અ.વ.વ.) ની ઝુર્રીયતે તાહેરહ, ઔલાદે તૈયેબહ, આલે મુતહહર વાસ્તે પણ બજા છે. નબી સાહેબ બાદ આપ ઈમામો ઉમ્મતના હકીકી રૂહાની મુરબ્બીઓ છે, કિશ્તીએ નજાતના કપ્તાન છે. જેમ અસ્હાબુલ કહેફ તૌહીદે રબ્બાનીના મિનારાઓ હતા, તેમ આલે મોહંમદ (સ.અ.) છે. ફિત્નાવરોથી જેમ અસ્હાબુલ કહેફને છુપાવી દેવામાં આવા, તેમ ઈમામોને દુનિયાવી મમ્લેકતની હૈસીયતથી કમ્ઝોર બનાવી દેવામાં આવા. લૂંટ, કત્લ, ઝુલ્મ, ખૌફ, જબર અને મુમેનીનની હિફાઝતની ખાતિર ઈમામોએ સતર ઈખ્તિયાર કીધો. અસ્હાબુલ કહેફ મુજબ નબી સાહેબના ઈન્તેકાલ બાદ ૩૦૯ સાલ તક દુશ્મનોથી મહેફૂઝ રહેવા તેઓએ મશ્રિક અને મગરિબના શહેરોમાં, ઈલાકાઓમાં પોતાનો કિયામ, રિહાઇશ, સોહબત અને હુલીયો તબ્દીલ કરતા રહ્યા.
(બકીયહ પેજ નં. ૭ પર)

**ગુનાહ, મુમિનના નફ્સને મારી નાખે છે.**

(પેજ નં. ૨ નું બાકી)

નિદાએ હુસૈની પર લબ્બૈક બોલીને આકા હુસૈનના સાઇલ બની ગયા, બેવતન બનીને તન્હા થઇને આગૌશે હુસૈનના દુર્રે યતીમ બની ગયા. અલ્લાહતઆલાની બારગાહમાં સચ્ચાઇ અને તકવાના મિસ્કીન બની ગયા.

પોતાની નફ્સોને એવી તૈયાર કીધી કે, ઈમામે હક્કના ફરમાન પર હક્કને બચાવવા ખાતિર પોતાની ગરદનોને કુરબાન કરી દીધી. જેથી રૌઝે હિસાબ આ જ ગરદનોને જહન્નમના અઝાબથી છોડાવી શકે. નમાઝને તેઓની દીનદારીથી ઝિંદગી હાસિલ થઇ. હર તરહની ઝકાવત-પાકીઝગીમાં મકામે મુમ્તાઝ હાસિલ કરી લીધો. ભૂખ-પ્યાસને બરદાશ્ત કરીને જિસ્મો જાનની આઅલા ઝકાત આપી દીધી. **જાન આપીને ઇમામે હક્કને ઝકાત અદા કરવી તે જાણે કે ફરિશ્તાઓને નમાઝ પઢાવવા કરતા આઅલા છે.** એવા શહીદો કે જેઓના હાથમાં વફાદારીની શમઅદાની છે. જાઁનિસારીની રાહમાં તે મીસાક-અહદની મંઝિલો બતાવે છે. આકા હુસૈન સાથે કરબલામાં હોવું જ મીસાકની આખિરી મંઝિલ છે. આ શહીદો માંથી કોઇએ જંગ કીધી હોય યા ના કીધી હોય, મગર હર એક તંગી, તકલીફ અને ઈઝા અલ્લાહતઆલાની રાહમાં સબબે રહેમત છે.

આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની નસીહતોના માતહત, હમેં આ અય્યામે અઝાદારીમાં, મોહર્રમુલ હરામના અશરહ મુબારકહ દૌરાન ઉપર મઝકૂર મુમેનીનની સિફતો પર અમલ કરીએ અને કરબલાએ મોઅલ્લાના શોહદાએ હક્કની સીરતથી રોશનીની થોડી કિરનો લઇને હમારી ઝુલ્મત-ભરી ઝિંદગીને ઝીનતદાર કરીએ. દુનિયાની નાપાકીઓથી દૂર થઇને આખેરતમાં ઇઝ્ઝત પૈદા કરનારી પાકીઝગી તરફ હમેં વલીએ અને આકા હુસૈન (અ.સ.) ને ખુશ કરવા હમેં મુમ્કિન કોશિશ કરીએ. ✯

---

(પેજ નં. ૬ નું બાકી)

યહાઁ તક કે, ૧૦ માં ફાતેમી ઈમામ મૌ. હુસૈન અલ-મસ્તૂર અઝ-ઝકી (અ.સ.) ના ઝમાનમાં હક્કની ઈમામતની મોહિમ જે શુરૂ થઇ હતી, તે આપના ફરઝંદ ૧૧ માં ફાતેમી ઈમામ મૌ. અબ્દુલ્લાહ અલ-મહેદી (અ.સ.) ના ઝમાનામાં ૩૦૦ હિ. ના માથા પર આફ્રિકાના મગરિબના શિમાલી (નોર્થ) બિલાદથી આશ્કાર થઇ. આપના બાવફા દોઆતે કિરામની જિદ્દો કદ એ જંગો જેહાદ એ મુજબ રંગ લાવી કે, આપે નોર્થ આફ્રિકાથી ઝુહૂર ફરમાવો. દરીયા કિનારા પર નવું શહેર મહેદીયહ બનાવીને તે જ જગા પર આપે કિયામ કીધો.

અસ્હાબુલ કહેફ પણ મુદ્દતે દરાઝ બાદ સતરની કહેફ માંથી ઝાહિર થયા અને પોતાના ઈમાન અને હક્કાનીયતને ખુલ્લી કીધી, તે જ મુજબ મૌ.ઈસ્માઇલ બિન મૌ.જાઅફર અસ-સાદિક (અ.સ.) ની નસ્લે પાકમાં જ મૌ.અલ-મહેદી (અ.સ.) ની ઝાતે મુકદસમાં ઈમામતનું નૂર ઝાહિર થયું. મૌ.અસ-સાદિક (અ.સ.) ની બીજી કોઇ પણ ઔલાદમાં હક્કના નૂરનો ઝુહૂર થયો નહીં અને ૧૫૦ હિ. થી ૩૦૦ હિ. ના દરમિયાન ઈમામતના દાવેદારો તમામ ગુમ્રાહી અને ગુમનામીમાં ખોવાઇ ગયા.

૩૨૨ હિ. માં મૌ.ઈમામ અબ્દુલ્લાહ અલ મહેદી (અ.સ.) નો ઈન્તેકાલ પહેલા જે વક્ત અલ્લાહતઆલાએ અઇમ્મતે હક્કથી ખૌફનો પડદો હટાવી દીધો, તે વક્ત આપ તૌહીદ અને હક્કપરસ્તીની પૂરી શાનો અઝમતથી ઝાહિર થયા, જાણે કે, મગરિબથી હિદાયતનો સૂરજ નિકલો. દીનો શરીઅતની ઘંટી આપ ઈમામના ઈર્દ-ગિર્દ ફિરવા લાગી, હક્કદારોને એમનો હક્ક મિલી ગયો. **આપનો પરચમ મશહૂર થયો અને આપનો ઝુહૂર હક્કપરસ્તીથી મદદયાબ થયો.** આપ ઈમામ, મૌ.ઈમામ ઈસ્માઇલ અલ-વફી (અ.સ.) ના ફરઝંદ અને સુલાલત (આલ) તેમજ ઈમામતના વારિસોના સિલસિલાના ચોથા છે. આ દલીલથી સાબિત થયું કે, ઈમામત, મૌ.ઈસ્માઇલ અને આપના ફરઝંદ મૌ.મોહંમદ અશ-શાકિર (અ.સ.) માં જ જારી થઇ છે અને આપના બાદ આપની ઝુર્રીયત-આલના ઈમામો જ હક્કની ઈમામતના માલિકો મુખ્તાર છે. ✯

**જે શખ્સ હુકમે ઈમામને નહીં માને, એ બીજા પર એહસાન નહીં કરી શકે.**

## અપની ઝબાન - કિસ્ત - ૬

હરએક કૌમની પહેચાન તેની ઝબાનથી થાય છે. ખુદાતઆલાએ પણ કુરઆને કરીમને અરબસ્તાનમાં તેના લોગોની ઝબાન યાઅની અરબીમાં નાઝિલ ફરમાવા અને તે પણ આસાન-સલીસ ઝબાનમાં. આ સાથે કુરઆનમાં તમામ અલ્ફાઝની અસલ-જડ અરબીથી નથી પણ બીજી ઝબાનોથી પણ ચંદ અલ્ફાઝ તઅલ્લુક રાખે છે. ખાસ કરીને ઈબરાની ઝબાન. યાઅની કે, કોઇ એક ઝબાનમાં બીજી મુખ્તલિફ ઝબાનોના મુહાવેરા-અલ્ફાઝ-બંદિશો શામિલ હોય છે. હમારી કૌમ જમાઅતે અલવીયહ નાજીયહની ઝબાન લિસાનુદ્દાઅવત છે. હમને ખબર છે કે, આ ઝબાનમાં ગુજરાતી સાથે અરબી, ઉર્દૂ, ફારસી અને હવે અંગ્રેજીના અલ્ફાઝ મખ્લૂત છે, મમ્ઝૂજ છે, મિલેલા છે. યાઅની કે હમારી લિસાનુદ્દાઅવત મુખ્તલિફ ઝબાનોનું મિક્ષર છે.

આ સિવાય હમેં ઘરમાં, બાઝારમાં, વેપારમાં, રિશ્તાઓમાં, બચ્ચાં સાથે, હસીં-મઝાકમાં, હલકા-ફુલકા માહૌલમાં, તહેવારમાં, ઈબાદતોમાં, હમજોલીઓ-દોસ્તો સાથે, ખુશી-ગમીમાં વગૈરહ એવા અલ્ફાઝ બોલીએ છે, જેનો કોઈ ઝબાન સાથે રિશ્તો-તઅલ્લુક હોતો નથી. ફક્ત તે ચીઝો હમારી બોલચાલમાં વરસોથી દાખિલ થયેલી છે અને કંઈ જ વિચારા બગૈર હમેં તે હાલાત અને બનાવને સમઝાવવા તેને બોલીએ છે. આ અલ્ફાઝ-મુહાવેરાને હમેં યહાઁ આ કોલમને માતહત લાવીશું. એવા અજીબો-ગરીબ અલ્ફાઝ-મુહાવરાને યાદ અપાવીને તેનો મતલબ બતાવીશું. કેટલીક એવી ચીઝો છે જે આજે હમારી ઝબાન પરથી ભુલાઈ ગઈ છે. આ કોલમના સબબ હમને તે જુની ઝબાન યાદ આવશે.

કારેઈન પાસે જો આ તરહના બાઝારૂ યા હલકા-ફુલકા અલ્ફાઝ હોય, ઈસ્તેમાલ કરતા હોય, બોલતા હોય તો તેને ૯૨૨૭૫૯૮૯૦૯ પર વોટસએપ કરી મોકલી આપશો.

**ગયા શુમારાના અલ્ફાઝ :** ઝબાની જમા-ખરચ, ભાચકો, અરૈયો, બેદું, હીમાએલી.

**નવા અલ્ફાઝ :**

**ઇમ્મજ :** એમ જ, આમને આમ, બગૈર કોઈ સબબ, ફક્ત નામ પૂરતું.

ઈસ્તેમાલ : અરે ! એ તો મેહ ઈમ્મજ બોલેલો, મન પર ના લઈસ.

**કુલકુચરા :** કરચલીઓ વાલું કપડું હોવું, ઈસ્ત્રી કીધા બગૈરનું કપડું હોવું.

ઈસ્તેમાલ : તારા કપડા પર બઉં જ કુલકુચરા છે. શાદીના જમનમાં જાવાનુંચ, ખરાબ લાગસે.

**રાઘડા તાનવા :** ઝોર-ઝોરથી ચિલ્લાવવું, ખેંચીને બોલવું.

ઈસ્તેમાલ : ભાઈ ! નાની જિવી વાત છે, ધીમે બોલો, રાઘડા તાનવાસી ગલું કઈ ફાટી ના જાય.

**સોરમ :** ગંધ, વાસ, નાકમાં લાગી જાય એવી ભભક.

ઈસ્તેમાલ : જોવ ઝરા ! ખિચડી લાગવાની સોરમ આવેચ, જલ્દી ગેસ બંધ કરો !

**વઘી જ ભુંજોચ :** ગૈર-ઝિમ્મેદારાના કામ કરવું, બચકાની હરકત કરવી.

ઈસ્તેમાલ : વઘી જ ભુંજોચ ! ઈટલું બધું કામ બાકીચ. ઝરા મદદ નથી કરતો ! ☆

---

**નસીબદાર છે એ જવાન કે, જેને કોઇ ઉમ્ર-રસીદા, ઘલ્લા બુઝુર્ગની ખિદમત હાસિલ થાય. એ જવાન પૂરા ઇખ્લાસ અને જઝબાથી બુઝુર્ગને કરામત દે, ઇઝ્ઝત બખ્શે તો અલ્લાહતઆલા એના વાસ્તે રહેમતોના ખઝાના ખોલી આપશે. યાઅની કે, જે વક્ત એ ખિદમતશેઆર જવાન, બુઝુર્ગીની ડગર પર પહોંચશે તો એવા શખ્સને એના વાસ્તે કરી આપશે કે જે એની ખૂબ કરામત કરશે. એને હર તરહની રાહત આપશે. આ પુર-હિકમત કલામથી એમ કહી શકાય કે, તમેં બીજાને કરામત આપશો તો તમને કરામત મિલશે. ☆**

**હિસાબમાં ઊંચ-નીચ વેપારને નુકસાનમાં ધકેલી શકે છે.**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૩૩
## અલવી અકીદાઓ - અકીદો - પર

**અકીદો - પર : કુરઆને કરીમને તેના જેવો કુરઆન જ મન્સૂખ (માંજી) કરી શકે છે. બીજો કોઇ કિતાબ નહીં :**

હમારો આ ઐન અકીદો છે કે, કુરઆને કરીમ અલ્લાહતઆલાની આખિરી કિતાબે હિદાયત છે. તેના બાદ કોઈ કિતાબ નાઝિલ થાનાર નથી. તાઅલીમાતે નબવીયહ અને સુન્નતે મોહંમદીયહની મુવાફેકત-વાબિસ્તગી પર આ એક એવી જામેઅ-મુફસ્સલ કિતાબ છે કે, રૌઝે કેયામત તક તેના અહકામે શરીઅત અને સમાજી કાનૂનમાં કોઈ **તબ્દીલો તહેરીફ યા કમી-ઝિયાદતી** મુમ્કિન નથી. કેમકે, જહાઁ તક કોઈ મન્સૂખ (મિટનારી) આયતની જગા પર બીજી નાસિખ (મિટાવનારી) આયત ના આવે, ત્યાં તક હુકમે ખુદાવંદી મિટતો નથી. યાઅની કે, કુરઆનને નસ્ખ કરનાર બીજા કુરઆન જ હોય શકે છે.

આ ચીઝ લાવનારા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના દરજાના-મરતબાના બરાબરીનો દરજો જે ખાતિમુન નબીયીનનો છે, તે જ કરી શકે. કેમકે, આપના હમ-પલ્લા અને હમસર નબી કોઈ આવનાર જ નથી. તે વાસ્તે કુરઆને કરીમ જેવી **કોઇ બીજી કિતાબ નાઝિલ જ કઇ તરહ થઇ શકે !** કુરઆને કરીમનો એક ઊંચો મેઅયાર છે, એહમીયત છે, કસૌટી છે, જેની બિના પર હર કૌલને પારખી શકાય અને બાંધી શકાય. જેના મુતઅલ્લિક એમ કહી શકાય કે, રસૂલુલ્લાહ બાવાજીએ આ ફરમાવું, એમ ફરમાવું, તેમ ફરમાવું યા નથી ફરમાવું. મગર જો આ કુરઆનને મુતાબિક હોય તો ફરમાને નબવી કાબિલે કુબૂલ ગણાય અને જો ના હોય તો કાબિલે મરદૂદ ગણાય. કેમકે, વદાએ હજ્જના ખુત્બામાં રસૂલુલ્લાહ બાવાજીએ ફરમાવું કે, "**કોઇને પણ વાજિબ નથી કે બીજાને એમ કહે, જે મૈં મુત્લક કહ્યું જ ના હોય.** કેમકે, જે અલ્લાહતઆલાએ હલાલ કીધું તેના કિતાબના ઝરીએ, તે મૈં હલાલ કીધું અને જે ચીઝ હરામ કરવામાં આવી તેને મૈં પણ હરામ ઠહેરાવી દીધું. હું અલ્લાહતઆલાની કિતાબની મુખાલેફત કેમ કરૂં ! હરગિઝ નહીં ! જેએ મને હિદાયત આપી હોય અને મારા દિલ પર જ તે નાઝિલ થઈ હોય. દીને ઈસ્લામમાં દાખિલ થયા બાદ પણ તેમાં છુપેલા મુશ્રેકીન એવા કૌલ કહેતા કે, જેનો દીને હક્કથી સરોકાર જ ના હોય."

આ તરહ તે લોગો ઈમાનમાંથી નિકલીને શિર્કની નાપાકી પર જ રહ્યા. અહદે શરીઅત પર કાઈમ ના રહ્યા. પોતાની મનમાનીને તાબેઅ થયા. દુનિયા તલબીને વાસ્તે જૂઠી હદીસોના અંબાર લગાવી દીધા. ખૌફના સબબ ઈમાનને ઝાહિર કીધું, પણ નિફાકને સીનામાં છુપાવીને રાખો. જેમ અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "**વમા આમના મઅહૂ ઇલ્લા કલીલ**", તે બાદ આ બીજી આયતમાં, "**વ કલીલુમ મા હુમ**", તે બાદ એક બીજી જગામાં છે કે, "**વ કલીલુમ મિન ઇબાદીયશ શકૂર**", યાઅની કે, મારા બંદાઓ માંથી ઘણા ઓછા છે કે, જેઓ શુક્ર કરે. કલેમો પઢનારામાંથી ઓછા છે, જે ઈસ્લામની ઈઝઝત રાખે. નબી સાથે ઈમાન પર સાબિત રહેનારા ઘણા જ કમ છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ બાદ ઈસ્લામમાં એક એવો ગિરોહ પૈદા થયો જેએ હર કોઈના ઝબાનથી નિકલેલી હદીસોને મોઅતમદ માની લીધી, બરાબર માની લીધી અને આ તરહથી જૂઠી હદીસો લોગોની ઝબાન પર ચઢી ગઇ, રાઈજ થઈ ગઈ. **આ હદીસો યા તો કુરઆનને મુઆફિક હોય યા તો તેના મુખાલિફ હોય.** લોગોએ તેને પકડી રાખીને કુરઆનને છોડી દીધા. જાહિલ,નાઅહલ, રસ્તે રખડતા આ લોગોની વાતો માની લીધી અને તેને હદીસ કહેવા લાગા અને કુરઆને કરીમની આયતોને આવા જ લોગોએ ભુલાવી દીધી. કુરઆન ની સાચી આયતો પર તેઓ એતેબારવાલા ના રહ્યા અને આ તરહ ખોટી હદીસો પર જાહિલ લોગો એતેબારવાલા બની ગયા.

(બકીયહ પેજ નં. ૧૦ પર)

**મોટા કામમાં થોડો સબર, તેને કામિયાબ બનાવે છે.**

(પેજ નં. ૯ નું બાકી)

શાયદ કે, તારીખે ઈસ્લામની આ તે મંઝિલે ઈબ્તેદા હતી કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ઉમ્મતે મુસ્લેમહ વાસ્તે એ ફરમાવેલું કે, **"મારી ઉમ્મત ૭૩ ફિરકાઓમાં તકસીમ થઇ જાશે."** આ હદીસ ઈસ્લામના અકસર ફિરકા તેઓની કિતાબોમાં બયાન કરે જ છે. આની બિનાની મઝબૂતી દૌરે ખિલાફતમાં ઝાહિર થાય છે. મિસાલના તૌર પર :

ખલીફએ અવામે કુરઆનના હુક્મને ખિલાફ મૌ.ફાતેમતુઝઝહરા (અ.સ.) ના હક્કે વિરાસતથી એક જૂઠી મનઘડીત હદીસ પૈશ કરીને મહરૂમ કરી નાંખા. જાણે કે, તે લોગોના નઝદીક ખુદ-બનાવેલી હદીસ વાજિબે અમલ હતી. આ વાસ્તે કુરઆનની કોઈ જ સનદી આયત નથી.

આ જ શાકેલત પર ..... સાહેબે સાનીએ એના ઝમાનમાં શરઈ અને ગૈર શરઈ કઝીયહમાં ગલત ફેસલાઓ સાદિર કીધા, મગર તે ખિલાફે હુક્મે કુરઆન હતા. આમ કરીને ઘણી જ નાઈન્સાફી કીધી. પણ જે વક્ત સાહેબે હક્ક અમીરૂલ મુમેનીન મૌ.અલી (અ.સ.) ના ઈલ્મમાં આ વાત આવી યા તો આપને મસઅલહની પૈચીદગી દૂર કરવા તલબ કરવામાં આવતા, તો આપ ઈસ્લાહ કરીને હક્કદાર વાસ્તે સહી ફેસલો કાઈમ કરતા, હુક્મ સાદિર કરતા. સાહેબે સાનીને કહેવું પડતું કે, "લૌ લાકા અલીયુન લહલકા ઉમર."

આ તરહ હમેં જોઈએ છે કે બીજી જગા ..... વુઝૂમાં કુરઆને કરીમમાં પગ પર મસહ કરવાનો હુક્મ છે. આ લોગોના એક જાણકારે એમ કહ્યું કે, "નહીં! મસહ ના કરો. બલકે પૂરો પગ ધોવ." લોગોએ એમ જ કીધું. નમાઝના ચંદ અરકાનમાં પણ અહલુલ બૈત (અ.સ.) ના તરીકાને ખિલાફ જાહિલ આલિમોએ ફરક-તબદુલ કીધો અને લોગોએ કોઈ તફતીશ કે ખિલાફવરઝી કીધા બગૈર તેના મુજબ અમલ કીધો. આ તરીકો અહલુલ બૈત (અ.સ.) નો બિલકુલ ન્હોતો. પણ એવા એક ગિરોહ-ફિરકાનો છે કે, જેઓ ગુમ્રાહ થયા છે અને બીજાને ગુમ્રાહ કરે છે. જેઓનું દીન નિફાક અને જેહાલતથી ભરેલું છે. ના કે ઈખ્લાસ અને ઈતાઅતથી. આ એવા લોગો હતા જે કુરઆનની એક આયત પર તો ઈમાન લાવતા હતા પણ બીજી આયત જે તેઓને પસંદ ના હોય, તેનો ઈન્કાર કરી દેતા હતા.

શુરૂઆતમાં તો તેઓએ કુરઆનની ઘણી આયતોને એકબીજાની નાસિખ-મન્સૂખ કહી, ખોટો મુબાહેસો કીધો. મન ફાવે તેમ આયતોને હલકી કરી નાખી. આ તે લોગો છે કે, જેના વાસ્તે કુરઆને કરીમમાં અલ્લાહતઆલાનો ઈરશાદ છે કે, **હલાકી છે તેઓના વાસ્તે જે પોતાના હાથથી ચંદ ચીઝો લિખે છે અને કહે છે કે, આ તો અલ્લાહતઆલા તરફથી છે.** અલ્લાહતઆલા તો ફરમાવે જ છે કે, જે લોગોને કિતાબ આપવામાં આવી છે, તેઓ બૈયેનહ (નિશાનીઓ) આવા બાદ પણ તહેરીફ-તબ્દીલ અને તફરીક કરે છે અને અલ્લાહના હુક્મને પાડી દે છે, ઝાઈલ કરી દે છે.

પણ અલ્લાહતઆલાએ તો મૌ.નૂહ અને મૌ.ઈબ્રાહીમ નબી ને હિદાયત વાસ્તે મોકલા અને આ બન્નેની ઔલાદમાં નુબૂવત અને કિતાબ આપી, જેનાથી હર ઝમાનમાં એક કૌમ વાસ્તે ડરાવનાર તેમજ હિદાયત દેનાર નબી હોય. આ રસૂલો અલ્લાહ તરફથી પસંદીદહ-મુન્તખબશુદા ઈમામો છે કે, જેઓ અમરે ઈલાહીથી હિદાયત દે છે અને અલ્લાહતઆલાએ **આ ખાસ ઇમામોને તેના બંદાઓમાંથી પસંદ કરીને, ચુની લઇને, આસમાની કિતાબના વારિસ-માલિક બનાવેલા છે.** આ આયતે શરીફહને મદ્દે નઝર રાખીને જ રસૂલુલ્લાહ બાવાજીએ ફરમાવું કે, "મૈં તમારા દરમિયાન બે ભારી-નફીસ ચીઝોને મુકીને જાઉં છું. આ બેવે ચીઝો એક-બીજાથી જુદા નથી. બેવે સાથે-સાથે જ છે. જે મને હૌઝે કૌસર પર આવીને મિલશે. જે શખ્સ આ નફીસ ચીઝોને પકડી રાખશે તે મારા બાદ કોઈ વકત પણ ગુમ્રાહ નહીં થાય." જો કોઈ શખ્સ આ બે ચીઝોમાંથી કોઈ એકને સાથે લેશે અને કોઈ એકને છોડી દેશે તો, **એ ગુમ્રાહ થઇ જાશે.** અલ્લાહતઆલાના કલામે શરીફ જે કિતાબમાં આવેલા છે

(બકીયહ પેજ નં. ૫ પર)

**થોડું બોલવું, મોટો અસર કાઈમ કરે છે.**

## " તમને અને મને ના પહેચાના "
### કિસ્ત - ૧

રસૂલુલ્લાહ બાવાજીએ વલીયુલ્લાહ માઁ ને ફરમાવું કે, "અય ભાઇ અલી ! બયતુલ ખલા (સંડાસ) ની ૧ ૨ અદબો છે, જે કોઇ શખ્સ આ ૧ ૨ અદબોને ના જાણે, તો એં મને અને તમને ના પહેચાના. હર કોઇ જે મુમિન હોય એને આ ૧ ૨ અદબોના ઝાહિર અને બાતિનનું જાણવું વાજિબ છે."

આ કલામે નબવીથી હમને માઅલૂમ થાય છે કે, જે કોઇ શીઅયાને અલી હોય અને એ આ ૧ ૨ અદબોને ફરામોશ કરે, તે મુજબ અમલ ના કરે તો એં નબી અને વસી બેવેને ના પહેચાના.

**અદબ ૪ :** હાજિત કરવા બેસે તો એ તરહથી કે ચહેરો કિબ્લા તરફ ના હોય. ઈમામે આલે મોહંમદ હમારા વાસ્તે હમારા ઈમાન અને મીસાકના કિબ્લા છે. આ બેવે ચીઝ તહારત સાથે તઅલ્લુક રાખે છે. ખુદ ઈમામે હક્કની ઝાતે આલી, ઝાહિરી-બાતિની તૌર પર તાહિર અને મુકદસ હોય છે. હાજિત નાપાકી સાથે વાબિસ્તા છે. જે મુજબ હમારા દીનમાં **શિર્ક, કુફ્ર અને નિફાક નાપાકી સાથે જોડાયેલા છે** અને તેનાથી દૂર રહેવું જ ઈમાનને સલામત રાખી શકે છે. હાજિત કરવાની હાલતમાં હમેં ચંદ લમ્હાતમાં નાપાકીને દૂર કરીને જલ્દીથી કિબ્લા રૂખ થઇને હમેં ઈમામે હક્કથી ઈમાનની પાકીના તલબગાર થઇ શકીએ છે.

**અદબ ૫ :** હાજિત કરતી વક્ત કિબ્લાને પીઠ બતાવવી અને એ મુજબ બેસવું તે ઈમામે હક્કની નાફરમાનીની નિશાની છે. હમ મુમેનીનના ઘરોમાં હાજિતનું વાસણ કોઇ વક્ત પણ કિબ્લાને રૂખ કરીને કે પીઠ દઇને હોતું નથી. હમારી ઝિંદગીમાં કિબ્લાની ગૈર-માઅમૂલી અહેમીયત હોય છે. કિબ્લા બગૈર કોઇ ઈબાદત કુબૂલ નથી. જેમ ઈમામે હક્ક બગૈર દીન કામિલ નથી. કોઈ પણ નાપાકીનો અમલ કિબ્લાના ચહેરા યા પીઠ પર ના કરે. પાકીઝગીના અલમબરદાર ઈમામે હક્કના ચહેરએ અન્વરના દીદાર અને રઝામંદી જ **હરએક અમલે ખૈરની કામિયાબી છે.**

**અદબ ૬ :** હાજિત કરે તે વક્ત ડાબા પગ પર બોઝ-વઝન રાખે. આમ કરતા જમણના જમવાથી લઇને જિસ્મમાંથી ખારિજ થાવા તક સેહત અને આફીયતીની દોઆ છે. સાથે હલાલ તરીકાથી રોઝી-તલબી અને હરામ રસ્તેથી રોઝીની રોકથામની ઈલ્તેજા છે.

દાઅવતે હક્ક મુમિનની નફસાની-રૂહાની સેહત અને આફીયત વાસ્તે જ છે. જિસ્માની સેહતનો તો તમામ ખયાલ રાખે છે. મગર બાતિની-નફસાની સેહત વાસ્તે અકસર લોગો ચુકી જાય છે. દાઅવતે હક્કમાં શામિલ થયા પછી હર લેહાઝથી મુમિન પર ખુદને સાચવવાની ઝિમ્મેદારી વધી જાય છે. તે વાસ્તે મુમિન કોના ઉપર તકીયો રાખે ? મુમિન કોના નઝદીક જાય ? ઈમામે હક્ક સતરમાં હોય, નઝર સામે ના હોય, તો એમના હુજ્જત તરીકે એમના દાઇ ઝરૂર હાઝિર હોય છે. મુમિન, દાઇએ હકક પર તકીયો રાખીને, શકને દુર કરીને ઝિંદગીના હરએક પહેલૂંને સુલઝાવવાની કોશિશ કરે.

આના સબબ નફસાની બીમારી- મરઝ દૂર થાય. નઝર અને કાનથી જે કઇ ચીઝો દિમાગમાં દાખિલ થાય તેનો બહેતરીથી અંજામ આવી શકે. એવી નાપાક ચીઝો જમા ના થાય જે હમારા ઈમાનમાં બિગાડ અને કમ્ઝોરી પૈદા કરે. હુજ્જતે ઈમામથી મિલેલું હરએક ઈલ્મ, હલાલ તરીકાનું હોય છે અને તેનાથી ગૈર જે શરીઅતને ખિલાફ હોય, તે હરામ તરીકાનું હોય છે. ☆

---

**હમેં હમારા અમલોથીં ગાફિલ છે પણ યાદ રહે કે,**
**હમને આ અમલો રૌઝે મહેશર શરમિંદા-નાદિમ કરી શકે છે.**

**થોડું, પણ ઈત્મિનાનનું સુવું, સેહત લાવે છે.**

## નૌહા - પુરગમ

અય કરબો બલા તેરે બન મેં, મઝલૂમ કો પ્યાસા મારા હે,
હે તીરો તબર કી બૌછારેં, ઔર ખૂન કી બહેતી ધારા હે.
અય સાથીઓ ક્યા તુમ દેખતે હો, ક્યૂં સીનાઝની તુમ કરતે હો,
ઉસ સીને પે બેઠા શિમ્ર લઇ, કુરઆન કા જો કે પારા હે.
ઉસ શાહ કે જિસ્મે અત્હર કો, ઉફ શિમ્ર લગાતા હે ઠોકર,
જો જાને નબી ઔર રૂહે અલી, ઝહરા કા રાજદુલારા હે.
સજદે મેં હે મૌલા ગરદન, પર વો શિમ્ર કા ખંજર ચલતા હે,
ઉમ્મત કે લીએ હે લબ પે દોઆ, પુરદર્દ અજીબ નઝારા હે.
ઘોડે સે ગિરા હે સીને મેં, દુશ્મનને લગાઈ હે બરછી,
મછલી સા તડપતા હે અકબર, ઔર બાબા કો અપને પુકારા હે.
આવાઝ પિદર કી સુન બેટા જો ઠોકરેં ખાતે આતેં હૈં,
કહતેં હૈં અદૂ સે બતલાદો, કિસ જા મેરા અકબર પ્યારા હે.
જબ લાશે પિસર કો દેખા તો, દિલ બેઠ ગયા, શેહ બેઠ ગયે,
સીને સે નિકાલી હે બરછી, ઉલઝા વો કલેજા સારા હે.
ઉફ તીરે સિતમ કે લગતે હી, દમ તોડ દિયા ઉસ બચ્ચે ને,
જો બાનૂ કી ગોદ કા પાલા હે, જો શાહ કી આઁખ કા તારા હે.
કર યાદ હુસૈને બેકસ કો, મૌલા શહે હાતિમ રોતેં હૈં,
સબ અહલે અઝાને અય ઝાકિર, એક આહ કા નાઅરા મારા હે. ✯

---

(પેજ નં. ૪ નું બાકી)

**ઝુલ્મ અને ડર પર ઊભી કીધી. એ અલ્લાહતઆલાનો ખુલ્લેઆમ નાફરમાન બની ગયો. મગર કોઈ એની નાફરમાની કરે તે એનાથી બરદાશ્ત કરવું મુશ્કિલ હતું.**

**અલ્લાહતઆલાની હઝરતે રબ્બાનીયહથી મુઆફી માંગવાને બજાય એની સરકશી દિન-બ-દિન વધતી ચાલી. ઝાલિમ તો હતો જ પણ હવે બેશરમ-ફાસિક પણ બની ગયો એની હર ચીઝ પર ઈબ્લીસ બેસી ગયો. ઝહેન, આઁખ, હાથ, દિલ, ઝબાન અને શરમગાહ, હરએક ઈબ્લીસના ગુલામો બની ગયા. એના તરફ આવનાર તમામ રસ્તાઓ પર શયતાન પહેરો ભરતો થયો. ભલાઈને બુરાઈમાં તબ્દીલ કરી દેવું એની ઝિંદગીનો પૈશો બની ગયો.**

હાલના વક્તની ઝિક્ર કરીએ તો અહલે હક્ક પર અને મુમેનીનની જમાઅત પર હર તરહથી અને હર લેહાઝથી ઝુલ્મો તશદ્દુદ અને જૌરો ઝફામાં હમ્લાઓ વધી રહ્યા છે. વેપાર હોય, તાઅલીમ હોય, નોકરી હોય, મિલ્કતોની લે-વહેચ હોય, બેંકોના મુઆમેલાત હોય, બાઝારમાં ઘરાકોની અવર-જવર હોય, કોઈના કોઈ તરીકાથી હમને એ અહેસાસ થઈ રહ્યો છે કે, હમને પૂરી સિસ્ટમમાંથી અલગ-થલગ પાડી દેવામાં આવી રહ્યા છે અને હમને સેકન્ડ-ક્લાસ પર ધકેલવામાં આવી રહ્યા છે. **ઝુલ્મ અને કિનારાકશી હમારા વાસ્તે સમાજના હર તબકામાં જોવા મિલી રહી છે.** મુલ્કના બહાવને ખિલાફ જવાય એમ નથી. આ તમામ ઝાલિમાના રવૈયામાંથી મહબ્બતો અમાનનો રસ્તો કાઢીને હમારી ઝિંદગી અને વેપારને બેઠો કરવો, એ જ આજની દલાલત અને દાનિશવરી છે. ✯

**નાકામિયાબી, હમારા વાસ્તે તરક્કીની સીડી મુકીને જાય છે.**

## ૩૪ માં દાઇએ મુત્લક : ઉર્સ મુબારક - ૧૪ સફર
## સૈયદના જલાલ શેહાબુદ્દીન બિન સૈયદના નૂહજી સાહેબ (આ.કુ.)

- આપની વિલાદત **અહેમદાબાદ** શહેરમાં થઈ છે.
- આપ ૩૨માં દાઈએ મુત્લક સૈયદના જીવાભાઈ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) ના **ભાઇ** છે.
- આપ આપના અહલે ખાના-ઘરવાલા અને દાઈએ હક્ક સાથે અહમદાબાદ થી વડોદરા **હિજરત** કરીને આવા છે.
- કદીમ દેવડી મુબારક, ઝિયાઈ મસ્જિદ અને બદરી મોહલ્લાની તાઅમીરમાં આપનો મોટો હાથ છે.
- અપની જમાઅતની એક બીજી મસ્જિદ **લાડવાડા**માં હતી કે, જેમાં આપ નમાઝની તવલ્લી કરાવતા અને તે જ ઈલાકામાં આપનું એક મકાન હતું કે, જે આપની રિહાઈશગાહ હતી. આજે પણ તે મકાન હઝારીવાલા ફેમિલીના કબ્ઝામાં મૌજૂદ છે.
- આપના ઘરના અફરાદ **કાગઝનો વેપાર** કરતા હતા કે જેમાં જમાઅતના ઘણા લોકો જોડાયેલા હતા.
- આપના ભત્રીજા ૩૩માં દાઈએ મુત્લક સૈ.હેબતુલ્લાહ મુઅય્યદુદ્દીન સાહેબ (આ.કુ.) એ જે **કબ્રસ્તાનની ઝમીન** ખરીદ કીધી હતી, તેના છેડા પર આપને દફન કરવાની વસીયત હતી. તે મુજબ થયું અને હાલમાં આપના મઝારે અકદસ કબ્રસ્તાનની એક નિહાયત પર તાઅમીરશુદા છે.
- હિજરતમાં જે મુમેનીન અહેમદાબાદમાં બાકી રહી ગયા હતા, તેઓની ખબરગીરી, રોઝગારી, સલામતી અને આબાદીની ઐન ઝિમ્મેદારી આપની હતી.
- જેમ અહેમદાબાદના મુમેનીન સાથે આપનો રાબેતો હતો, તેમ **સૂરતના મુમેનીન** સાથે પણ આપનો ગહેરો રિશ્તો હતો.
- જેમ આપના બાવાજી સૈ.નૂહજી બિન મોહંમદજી સાહેબ, દાઅવતે હક્કના **હુદૂદ-ફોઝલા** માંથી છે, તેમ આપના જાઁનશીન ૩૫માં દાઈએ મુત્લક સૈ.નૂરભાઈ નૂરૂદ્દીન સાહેબ (આ.કુ.) ના બાવાજી સૈ. શૈખઅલી સાહેબ, દાઅવતે હક્કના હુદૂદ-ફોઝલા માંથી છે.
- સૈ.નૂરૂદ્દીન સાહેબ સૂરતના મુમેનીનને આપની હઝરતમાં લાવા, **બયઅતને** તાઝા કરાવો અને એક મોટી ગલતફહેમીને દૂર કરાવી અને મુમેનીનને ગુમ્રાહીથી બચાવી લીધા.
- આપે સૈ.નૂરૂદ્દીન સાહેબને આપના **માઝૂન** બનાવા અને સૈ. મુઅય્યદુદ્દીન સાહેબના ફરઝંદ સૈ. હમીદુદ્દીન સાહેબને આપના **મુકાસિર** બનાવા.
- આપના બાદ આપના જ ઘરના ચંદ જવાનો ફિત્ના-ફસાદ પર સવાર થયા અને સૈ.નૂરૂદ્દીન સાહેબને દાઈએ હક્ક કુબૂલ કરવાથી ઈન્કાર કીધો અને આપની મસ્જિદ અને મકાન હડપી લીધા અને **કાગઝી લોગોનું** એક ગુમ્રાહ ગિરોહ લાડવાડામાં વુજૂદમાં આવું.
- વક્તે ઈન્તેકાલ સૈ.નુરૂદ્દીન સાહેબ સૂરતથી હુદૂદ સાથે વડોદરા પધારા. આપની નમાઝે જનાઝ અદા કરાવી અને મુમેનીનનો બયઅત લીધો.
- આપની ૭ સાલની મુદતે દાઅવત બાદ દાઅવતે હક્કનું મરકઝ ૨૦ સાલ વાસ્તે સૂરત મુન્તકલ થયું છે અને આપના અમરો હુકમ મુજબ સૈ.હમીદુદ્દીન સાહેબે વડોદરાના મુમેનીનના ઊમૂરે દાઅવત સંભાલા છે. ✯

**ઝિયાદહ દૌલતના સબબ ઝઘડા અને બેકરારીએ દિલ, તે મોટી આફત છે.**

## " અય કરબોબલા તારી સું શાન નિરાલી છે. "

અય કરબોબલા તારી સું શાન નિરાલી છે,
ઝહરાના કલેજા પર સું આફતો ડાલી છે,
મૈદાનમાં ઊભા છે તન્હા શહે આલી છે,
એક ઘૂંટના પાનીના શબ્બીર સવાલી છે,
અય કરબોબલા તારી સું શાન નિરાલી છે.
ઝયનબએ કહ્યું કોઈ ભાઈને બુલાવી દો,
આ દર્દ જુદાઈનું કોઈ જઈને તો કહી દો,
આ બહેન કહાઁ જાઈ માઁ-જાયા બનાવી દો,
આ ભાઈ ઉપર મારા સું આફતો ડાલી છે,
અય કરબોબલા તારી સું શાન નિરાલી છે.
શબ્બીર મુખાતિબ થઈ ઈમ કૂફીઓથી બોલા,
કાગઝથી બોલાવો છો, મારો છો તમેં ભાલા,
મહેશરમાં નબીને સું દેખાડસો મૂઁહ કાલા,
કિમ કત્લને કરવાને તૈગોને નિકાલી છે,
અય કરબોબલા તારી સું શાન નિરાલી છે.
બચપનમાં વચન આપું તે કૌલ નિભાવી ને,
કરબલની ઝમીં અંદર શબ્બીરએ આવીને,
માથાને કપાવીને, ઘર-બાર લુટાવીને,
આ ઉમ્મતે અહમદની કિશ્તીને સંભાલી છે,
અય કરબોબલા તારી સું શાન નિરાલી છે.
અય મુમિનો છાતીને કૂટીને તમેં રોઓ,
આઁસૂને નિકાલીને ચહેરાઓ તમેં ધોવો,
અહમદના નવાસા પર જાનોને તમેં ખોવો,
શબ્બીરના લાશાની સું ખસ્તા આ હાલી છે,
અય કરબોબલા તારી સું શાન નિરાલી છે.
હમ-શિકલે નબી જિયારે ઘોડાથી ગિરા રન માં,
સીનાના ઉપર ખાઈ નૈઝાને ગિરા બન માં,
શેહ રોઈને ચિલ્લાયા સું બેટા થયું તન માં,
અકબરના કલેજાથી બરછીને નિકાલી છે,
અય કરબોબલા તારી સું શાન નિરાલી છે.
લાશાના ઉપર ઝયનબ શબ્બીરના ચિલ્લાયા,
કઈ બોલો ઝરા મૂઁહ થી હમશીરના માઁ-જાયા,
સું ચર્ખએ ઝયનબને આ હાદેસા દિખલાયા,
શબ્બીરથી આ દુનિયા થઈ ગઈ હવે ખાલી છે,
અય કરબોબલા તારી સું શાન નિરાલી છે.
અય ભાઈ હમને મૂકી મૈદાઁ માં તમેં ચાલા,
સું ફાતેમા ઝહરાએ આ વાસ્તે થા પાલા,
મૈદાને મુસીબતમાં ખાવાને તમેં ભાલા,
અય ભાઈ તમારા બિન રાતો હવે કાલી છે,
અય કરબોબલા તારી સું શાન નિરાલી છે.
આ લૂંટીને ચાદરને બેપરદગી કીધી છે,
અસ્બાબને લૂંટીને મસ્નદને જલાવી છે,
ફરયાદને અય ભાઈ, હમશીર આ લાવી છે,
અય ભાઈ, ઝરા બોલો હમશીર જો વ્હાલી છે,
અય કરબોબલા તારી સું શાન નિરાલી છે.
મરવા પછી આકાના સબ દુશ્મનો આવા છે,
ખૈમા ભી શહે દીંના આઅદાએ જલાવા છે,
બેપરદગી કરવાને સબ દુશ્મનો ઢાયા છે,
આ કૂફીઓએ કિવી આ ચાલને ચાલી છે,
અય કરબોબલા તારી સું શાન નિરાલી છે.
શબ્બીરના લાશા પર ઘોડાઓને દોડાવા,
જોઈને મુસીબતને આ શેહના હરમ રોયા,
બાનુએ કહ્યું રનમાં સરતાજ ને મૈં ખોયા,
ખૈમાની તરફ આવો રહેવાર જે ખાલી છે,
અય કરબોબલા તારી સું શાન નિરાલી છે.
આબિદને કરી કૈદીને શામમાં લાવા છે,
કઈ તરહની તકલીફો રસ્તામાં એ પાયા છે,
આ કૂફીઓ શામીએ સું ઝુલ્મને ઢાયા છે,
અફસોસ રિદા કોઈ ઝયનબને ન આલી છે,
અય કરબોબલા તારી સું શાન નિરાલી છે.
કિમ છીને છે ચાદરને અય શિમ્ર હમારા થી,
કિમ આબિદે મુઝતરને તું મારે છે દિર્રા થી,
(બકીયહ પેજ નં. ૧૫ પર)

**નાફરમાની ગરચે નાની હોય, મગર તે ઈમાનને કમ્ઝોર બનાવે છે.**

## વાંચો, યાદ રાખો અને જવાબ આપો

મિશ્કાતુલ હાદી અખ્બારનું આ ૨૩મું સાલ છે. કારેઈનના ઈલ્મી ઝૌકો શૌકના સબબ તેમાં શાયેઅ થાનાર હર મઝમૂન ને ખૂબ જ ગૌરથી અને દિલચસ્પીથી વાંચે છે. જેમ લફઝી કશ્મકશ ઈલ્મી કસૌટીનો એક ઝરીઓ બનેલો છે, તેમ આ કોલમમાં હમેં ચાલુ શુમારા માંથી ટોપિક્સ શાયેઅ થયેલા હોય તેમાંથી જ ૭ સવાલો આપને દરમિયાન આપીશું. ટોપિક્સ ધ્યાનથી વાંચીને આપને તેના જવાબો તલાશ કરવાના છે અને પોતાના ઈલ્મ અને યાદદાશ્તને ચકાસવાની છે. સવાલોના આખિરમાં તેના જવાબો ઉલટા પ્રિન્ટ કરવામાં આવા છે. જેના સબબ આપ ખુદ તેને વાંચીને પોતાનો જવાબ ખરો છે કે ખોટો તે જાણી શકો.

**સવાલો :**

(૧) કઈ ત્રણ ચીઝો એક સાથે હોય તો જ ઈમાનનો દાયરો મુકમ્મલ થાય છે ?

(૨) સાદેકૂન અને મુત્તકૂન કોને કહેવાય છે ?

(૩) કયો એવો લિબાસ છે કે, જે તમામ નેઅમતો કરતા ઝિયાદહ ખૂબસૂરત છે ?

(૪) ઝુલ્મ હંમેશા ઈન્સાન તરફથી થાય છે મગર કઈ ચીઝ અલ્લાહતઆલા તરફથી હોય છે ?

(૫) કઈ ચીઝ મુમિનના નફ્સને મારી નાંખે છે ?

(૬) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ઉમ્મતે મુસ્લેમહ વાસ્તે ફરમાવેલું કે, મારી ઉમ્મત ----- ફિરકાઓમાં તકસીમ થઈ જાશે.

(૭) સૈ. શેહાબુદ્દીન જલાલ બિન સૈયેદી નુહજી સાહેબ (આ.કુ.) ના ઝમાનમાં માઝૂનના રૂત્બા પર કૌન હતું ?

---

**જવાબો :**

(૧) ઈકરાર (ઝબાન), યકીન (દિલ) અને અમલ (હાથ). (૨) સચ્ચાઈ અને પરહેઝગારીના રસ્તા પર ચાલનાર મુમેનીન ને. (૩) તંદુરસ્તી. (૪) ઈન્સાફ. (૫) ગુનાહ. (૬) ૭૩. (૭) સૈયેદના નુરૂદ્દીન નુરભાઈ બિન સૈ.શૈખઅલી સાહેબ (આ.કુ.)

---

(પેજ નં. ૧૪ નું બાકી)

ડર આલે નબી થી તું આ ઝુલ્મ ગુઝારા થી,
આબિદના ગલામાં કિમ ઝંજીરોને ડાલી છે,
અય કરબોબલા તારી સું શાન નિરાલી છે.
અય આકા ઈમામે દીં તશરીફ હવે લાવો,
આ હિંદના મુમિન પર રહેમત ઝરા ફરમાવો,
દીદારના તાલિબ છે દીદારને દિખલાવો,
આ દીને મોહંમદના આકા તમેં વાલી છે,
અય કરબોબલા તારી સું શાન નિરાલી છે.
અય દીનના અંધાઓ આઁખોને ઝરા ખોલો,
ગીબત ન કરો શેહની અલ્ફાઝ ન કઈ બોલો,
કદમોં થી તમેં શેહના હિકમતના મોતી લઈ લો,
હાતિમ શહા મૌલાની સું જાહો જલાલી છે,
અય કરબોબલા તારી સું શાન નિરાલી છે.
આ દાઈના દુશ્મનના ફંદા થી તમેં બચજો,
જે દાઈના દુશ્મન છે સાયો એનો ન લેજો,
મૌલા ઝકીયુદ્દીનના સાયામાં તમેં રહેજો,
જે દાઅવતે તૈયેબના આ બાગના માલી છે,
અય કરબોબલા તારી સું શાન નિરાલી છે.
આ મુમિને અદના પર મૌલા તું કરમને કર,
અહમદને અલી ઝહરા શબ્બીર અને શબ્બર,
તું એના વસીલાથી અંજામને કર બહેતર,
દરબારે ઈલાહીમાં ઝાકિર આ સવાલી છે,
અય કરબોબલા તારી સું શાન નિરાલી છે. ✯

**નાપાકી ગરચે થોડી હોય, મગર તે ઝરૂર મઝર્રત પહોંચાવે છે.**

## સલામ
## સર કો ઝુકા કે રેહ ગયા

વાઅદા વફા હુસૈન થા ઘર કો લુટા કે રેહ ગયા,
ઈશ્કે ખુદા મેં સર ઝુકા સર કો કટા કે રેહ ગયા.
ઝખ્મ હઝારોં થે લગે નાઝુક બદન પે ઉફ ન કી,
શુકર ઈસી કો કહેતેં હૈં સબ્ર દિખા કે રેહ ગયા.
હુજ્જત તમામ કરની થી કાતિલ વો દેતા આબ ક્યા,
ઉમ્મતે જદ્દ કો વો ઝબાઁ સુખી દિખાકે રેહ ગયા.
કૌસર હો જિન કે હાથ મેં વો પાની ક્યા તલબ કરેં,
હુજ્જત તમામ કર ગયા બિગડી બના કે રેહ ગયા.
કુરબાની દી હુસૈનને હાથોં પે અપને લાલ કી,
યસરબ સે સાથ લાએ થે સબ કુછ લુટા કે રેહ ગયા.
તીર લગા જો હલ્ક પર બચ્ચા તડપકે મર ગયા,
લાશે પિસર કો હાથ પે અપને ઉઠા કે રેહ ગયા.
ગોદી કે પાલે દીદએ દિલ કે ચિરાગ દે દીએ,
જિતની પડી મુસીબતેં તન્હા ઉઠા કે રેહ ગયા.
અબ્બાસ કે જલાલ સે થા શિમ્ર કા તબાહ હાલ,
નામર્દ કી તરહ સે વો જાન બચા કે રેહ ગયા.
નહેરે ફુરાત છીન લી ઝૌરે ગઝનફરી દિખા,
દો લાખ પર દિલેર વો સિક્કા જમા કે રેહ ગયા.
રાહ મેં સર સે મોઅજિઝે સેંકડોં જબ અયાઁ હુએ,
અપને કિએ પે શિમ્રે બદ આઁસૂ બહાકે રેહ ગયા.
આબિદ કો તાઅઝીયાને જબ શિમ્રે લઈન મારતા,
શુક્ર સિવા ન લબ હિલા સર કો ઝુકા કે રેહ ગયા.
ઝાકિર ગમે હુસૈન ને સીને મેં દિલ હિલા દિયા,
આઁસૂ કભી બહા દિયા સીના દબા કે રેહ ગયા. ☆

## દોઆ

દોઆ માંગો કે છે યે ભી ઈબાદત,
દોઆઓમાં ન હરગીઝ કરજો ગફલત,
દોઆ કરવાથી ખુશ છે રબ્બે ઈઝ્ઝત,
દોઆ સી ઉતરે છે ખાલીક ની રેહમત,
કરો તસબીહ રબ્બીગ ફિર ઝોનૂબી,
દોઆ હથીયાર છે એહલે વફાના,
દોઆ ઝયવર છે હર એહલે સફાના,
દોઆ માં કામ છે આલે અબા ના,
દોઆ છે નકશ મરઝે લાદવા ના,
કરો તસબીહ રબ્બીગ ફિર ઝોનૂબી. ☆

**હમેં ઝિંદગીનું વાહન ચલાવીએ છે.**
**થોડી પણ ગફલત હમારા વાસ્તે મોટી મુસીબત લાવી શકે છે.**

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman) કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ☆

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૨૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.